


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 284
Dt.: 20-08-2025,
Wednesday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### સિંધુ જળ સંધિ મુદ્દે આક્રમક પ્રહારો કર્યા હતા

# PM મોદીએ ફરી એકવાર નેહરૂ પર કર્યા પ્રહાર

## પંડિત જવાહરલાલ નેહરૂએ પહેલા દેશના ભાગલા પાડ્યા અને બાદમાં પાણીના પણ ભાગલા પાડ્યા



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નવી દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એનડીએની સંસદીય દળની બેઠકને સંબોધિત કરતાં ફરી એકવાર પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરૂ પર આક્ષેપો કર્યા છે. આ બેઠકમાં એનડીએ તરફથી ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર સી.પી. રાધાકૃષ્ણનનો ઔપચારિક પરિચય આપવામાં આવ્યો હતો. વડાપ્રધાને તેમને સન્માનિત પણ કર્યા હતા. સંસદની લાઈબ્રેરી બિલ્ડિંગમાં યોજાયેલી આ બેઠકમાં સીપી રાધાકૃષ્ણને સાંસદો સાથે મુલાકાત કરી હતી. તે દરમિયાન મોદીએ આક્રમક નિવેદન આપ્યું હતું.

એનડીએની આ બેઠકમાં વડાપ્રધાન મોદીએ સિંધુ જળ સંધિ મુદ્દે આક્રમક પ્રહારો કર્યા હતા. તેમણે નેહરૂ પર આક્ષેપ કરતાં કહ્યું હતુ કે, 'પંડિત જવાહરલાલ નેહરૂએ પહેલા દેશના ભાગલા પાડ્યા અને બાદમાં પાણીના પણ ભાગલા પાડ્યા. તેમણે સિંધુ જળ સંધિ હેઠળ ૮૦ ટકા પાણી પાકિસ્તાનને સોંપી દીધું. ઉલ્લેખનીય છે, ત્યારબાદ નેહરૂએ પોતે પોતાના સચિવના માધ્યમથી આ ભૂલનો સ્વીકાર કર્યો હતો કે, તેનો કોઈ લાભ થયો નથી. આ સમાધાન સંપૂર્ણપણે ખેડૂત વિરોધી હતું.'ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ પણ સિંધુ જળ સંધિ મુદ્દે જવાહરલાલ નહેરૂ પર આક્ષેપો કર્યા હતા. તેમણે સોશિયલ મીડિયા પર આ જળ સંધિના નિરીક્ષણની માહિતી આપતાં કહ્યું કે, 'વડાપ્રધાન મોદીએ ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ દ્વારા આચરવામાં આવેલા હિમાલય બ્લન્ડર સુધારવાનો પ્રયાસ કર્યો છે. આ નિર્ણય લેતી વખતે નહેરૂએ સંસદ ગૃહને વિશ્વાસમાં લીધુ ન હતુ. તેની સાથે ચર્ચા-વિચારણા પણ કરી ન હતી.'

નડ્ડાએ આગળ કહ્યું કે, 'સપ્ટેમ્બર, ૧૯૬૦માં આ સંધિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જેના બે મહિના બાદ સંસદ ગૃહ સમક્ષ આ બિલ રજૂ કરવામાં આવ્યું હતું. અને માત્ર બે કલાકમાં નિર્ણય લેવાયો હતો. ઈતિહાસ કહી રહ્યો છે કે, તે નહેરૂનું હિમાલય બ્લન્ડર હતું.

તેમણે આ સંધિ સાથે ભારતના હાથ બાંધી દીધા હતા. જો વડાપ્રધાન મોદીનુ ભારત પ્રથમની પ્રતિબદ્ધતા સાથે છટાદાર નેતૃત્વ ન હોત તો આગળ પણ આપણે તેની કિંમત ચૂકવવી પડી હોત.' PM મોદીએ એનડીએના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર સી.પી. રાધાકૃષ્ણન વિશે માહિતી આપી હતી કે, 'તેઓ ઓબીસી સમાજમાંથી આવતા ગ્રાઉન્ડ લીડર છે. સહજ સ્વભાવ ધરાવતા રાધાકૃષ્ણને રાજનીતિને રમતની જેમ ક્યારેય રમી નથી. ઉપરાષ્ટ્રપતિ પદ માટે એનડીએ તરફથી તેમનું નામ આપવા બદલ અમે ગર્વ અનુભવીએ છીએ.'

### ભારત આવેલા ચીનના વિદેશમંત્રીનો ટ્રમ્પને જવાબ

# દુનિયા બદલાઈ રહી છે, એકતરફી ફરમાન નહીં ચાલે

## વિશ્વના સૌથી મોટા વિકાસશીલ દેશ તરીકે, વૈશ્વિક જવાબદારીની ભાવના બતાવવી જોઈએ અને એકતાથી કામ કરવું જોઈએ

(સંપૂર્ણ સમાચાર સેવા)ચીન,

ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ સોમવારે દિલ્હીમાં વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે મુલાકાત કરી. તેમણે કહ્યું કે ભારત-ચીન સંબંધોમાં સકારાત્મક વલણ જોવા મળી રહ્યું છે અને બંને દેશોએ એકબીજાને હરીફ નહીં, પણ ભાગીદાર તરીકે જોવા જોઈએ. આ મુલાકાત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચીન પ્રવાસ પહેલા થઈ રહી છે, જ્યાં તેઓ શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન ના શિખર સંમેલનમાં ભાગ લેશે.

વાંગે જણાવ્યું કે, 'આ વર્ષે બંને દેશોના રાજદ્વારી સંબંધોની ૭૫મી વર્ષગાંઠ છે અને ભૂતકાળના તણાવમાંથી પાઠ શીખી શકાય છે.' તેમણે અમેરિકાની પણ ટીકા કરતા કહ્યું કે, બદલાતી દુનિયામાં એકપક્ષીય ધમકીઓ હવે નહીં ચાલે. વાંગે ભાર મૂક્યો કે ભારત અને ચીન, વિશ્વના સૌથી મોટા વિકાસશીલ દેશ તરીકે, વૈશ્વિક જવાબદારીની ભાવના બતાવવી જોઈએ અને એકતાથી કામ કરવું જોઈએ. વાંગે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ સાથે સીમા વિવાદ પર પણ વાતચીત કરી. બંને દેશો સરહદ પર શાંતિ જાળવવા અને ભારતીય તીર્થયાત્રીઓ માટે તિબેટ યાત્રા ફરીથી શરૂ કરવા પર કામ કરી રહ્યા છે. વાંગની આ મુલાકાત ૨૦૨૦ના ગલવાન સંઘર્ષ બાદ સંબંધો સુધારવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે. વાંગે ભારતની મુલાકાત દરમિયાન અમેરિકાની ટીકા કરી હતી. તેમણે અમેરિકા પર આડકતરી રીતે કટાક્ષ કરતા કહ્યું કે, 'દુનિયા બદલાઈ રહી છે અને તેની વચ્ચે એકતરફી ધમકીઓ આપવાનું ચલણ પણ વધી રહ્યું છે, જે હવે ચાલશે નહીં.' તેમણે વધુમાં કહ્યું કે, 'મુક્ત વ્યાપાર અને આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા સામે ગંભીર પડકારો છે. ૨.૮ અબજથી વધુની સંયુક્ત વસ્તી ધરાવતા બે સૌથી મોટા વિકાસશીલ દેશો તરીકે, ચીન અને ભારતે વૈશ્વિક જવાબદારીની ભાવના બતાવવી જોઈએ, મહાસત્તા તરીકે કામ કરવું જોઈએ અને એકતા દ્વારા વિકાસશીલ દેશો માટે એક ઉદાહરણ સ્થાપિત કરવું જોઈએ. ભારત અને ચીને વિશ્વમાં યોગદાન આપવું જોઈએ અને આંતરરાષ્ટ્રીય સંબંધોને લોકતાંત્રિક બનાવવા માટે મદદ કરવી જોઈએ.'

ચીનના વિદેશ મંત્રી મુખ્યત્વે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ સાથે સરહદી મુદ્દા પર વિશેષ પ્રતિનિધિ (SR) વાટાઘાટો માટે ભારત આવ્યા છે. ડોભાલ અને વાંગ બંને જ સરહદી વાટાઘાટ પ્રણાલી માટે વિશેષ પ્રતિનિધિ તરીકે કામ કરે છે.

ડોભાલે ગયા વર્ષે ડિસેમ્બરમાં ચીનની મુલાકાત લીધી હતી અને વાંગ સાથે ૨૩મા રાઉન્ડની વાતચીત કરી હતી. આના થોડા અઠવાડિયા પહેલા જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે બ્રિક્સ શિખર સંમેલન દરમિયાન રશિયાના કઝાન શહેરમાં મુલાકાત કરી હતી. બંને નેતાઓએ આ દરમિયાન દ્વિપક્ષીય સંબંધોને સુધારવા પર ભાર મૂક્યો હતો.

### સુખબીર બાદલે વિદેશ મંત્રી સમક્ષ મુદ્દો ઉઠાવ્યો

# બ્રિટનમાં વૃદ્ધ શીખો પર હુમલો, પાઘડી પાડી દીધી

(સંપૂર્ણ સમાચાર સેવા) બ્રિટન

બ્રિટનના ત્રણ કિશોરોએ ભેગા મળીને બે વૃદ્ધો પર હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. અહીંના વૉલ્વરહૅમ્પ્ટન સ્થિત એક રેલવે સ્ટેશન પાસે વૃદ્ધોને માર મારવામાં આવ્યા બાદ તેમની પાઘડી પણ પાડી દીધી છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં પણ વાયરલ થઈ રહ્યો છે. વાયરલ વીડિયોમાં ત્રણ કિશોરો બે વૃદ્ધોને લાતો અને ફેંટો મારતા અને હુમલાના કારણે વૃદ્ધો જમીન પર પટકાતા જોવા મળી રહ્યા છે. આ જાતિવાદી હુમલામાં શીખ વૃદ્ધોની પાઘડી પણ ઉતરી ગઈ હતી. આ મામલે પોલીસે કાર્યવાહી કરી છે અને હુમલો કરનારા ત્રણેય સગીરોની ધરપકડ કરી લીધી છે. જોકે ત્રણેય આરોપીઓને જામીન પર છોડી પણ મુકવામાં આવ્યા છે.

બ્રિટન પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી દીધી છે. બ્રિટિશ ટ્રાન્સપોર્ટ પોલીસે કહ્યું કે, 'આવા પ્રકારની ઘટનાઓ ક્યારેય સાંખી ન લેવાય. વૉલ્વરહૅમ્પ્ટન જે ઘટના બની છે, તેની અમે સંપૂર્ણ તપાસ શરૂ કરી દીધી છે. બ્રિટનમાં વૃદ્ધો પર અમાનવીય હુમલો કરવા મામલે ભારતમાં શીખ સમુદાય નારાજ થયો છે.

શિરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલે હુમલા મામલે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે વિદેશ મંત્રી એસ.જયશંકરને અપીલ કરી છે કે, તેઓ બ્રિટન સરકાર સમક્ષ મુદ્દો ઉઠાવે, જેથી કરીને બ્રિટનમાં રહેતા શીખ પ્રવાસીઓની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.સુખબીર બાદલે સોશિયલ મીડિયા એક્સ પર વીડિયો પોસ્ટ કરીને કહ્યું છે કે, હું બ્રિટનના વૉલ્વર હૅમ્પ્ટનમાં બે શીખ વૃદ્ધો પર થયેલા અમાનવીય હુમલાની કડક શબ્દોમાં ટીકા કરું છું. ઘટનામાં એક શીખ વ્યક્તિની બળજબરીથી પાઘડી ઉતારી દેવાઈ છે. શીખ સમાજ આ જાતીવાદી હુમલાના ટાર્ગેટ પર છે. અમારો સમાજ હંમેશા સૌનું ભલું ઈચ્છે છે. અમારો સમાજ ઉદારતા અને કરૂણા માટે જાણીતો છે અને તેઓ વિશ્વભરમાં સુરક્ષા અને સન્માનના હક્કકદાર છે.'

# એસ. જયશંકર બાદ અજીત ડોભાલને મળ્યા ચીનના વિદેશ મંત્રી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

દેશના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે આજે ચીનના પ્રતિનિધિ સાથે મુલાકાત કરી છે. અમેરિકાના ટેરિફ બોમ્બ વિરૂદ્ધ બંને દેશો છેલ્લા કેટલાક સમયથી સંબંધો સુધારવા પ્રયાસ કરી રહ્યા છે. જેના ભાગરૂપે આજે અજિત ડોભાલે ભારતની મુલાકાતે આવેલા વિદેશ મંત્રી વાંગ યી સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં બંને દેશોની સરહદો પર શાંતિ અને સૌહાર્દ જળવાઈ રહ્યો હોવાનું ડોભાલે જણાવ્યું હતું. અમેરિકાની આકરી ટેરિફ નીતિઓ વચ્ચે ભારત પોતાની વ્યૂહનીતિ હેઠળ રશિયા અને ચીન સાથે વેપાર સંબંધો વધુ ગાઢ બનાવવા પ્રયત્નશીલ બન્યુ છે. વડાપ્રધાન મોદી પણ એસસીઓ શિખર સંમેલન માટે ચીનની મુલાકાત લેવાના છે. આ બેઠકમાં અજિત ડોભાલે જણાવ્યું હતું કે, બંને દેશોની સરહદ પર શાંતિ અને સૌહાર્દ જળવાઈ રહ્યો છે, જે એક સકારાત્મક બાબત છે. દ્વિપક્ષીય સંબંધ વધુ ગાઢ બન્યા છે. ગતવર્ષે ઓક્ટોબરમાં કઝાનમાં એક નવુ વલણ અપનાવવામાં આવ્યું હતું, ત્યારથી બંને દેશોને ઘણો લાભ થયો છે. વિવિધ ક્ષેત્રોમાં આગળ વધવા મદદ મળી છે. અપેક્ષા છે કે, ગત વાર્તાની જેમ આ ૨૪મી વિશેષ પ્રતિનિધિ સ્તરની વાર્તા સફળ રહેશે. ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ જણાવ્યું હતું કે, સરહદ વિવાદ પર નવી દિલ્હી ખાતે ચીન અને ભારતના વિશેષ પ્રતિનિધિઓ વચ્ચે વાર્તા બદલ અમે ઉત્સુક છીએ. છેલ્લા કેટલાક વર્ષોથી જે નિષ્ફળતાનો સામનો કર્યો છે, તે બંને દેશના હિતમાં ન હતાં. ગતવર્ષે ઓક્ટોબરમાં પ્રમુખ શી જિનપિંગ અને વડાપ્રધાન મોદી વચ્ચે કઝાનમાં યોજાયેલી સકારાત્મક બેઠકથી દ્વિપક્ષીય સંબંધોમાં સુધારો થયો છે. સરહદ વિવાદના યોગ્ય ઉકેલો શોધવા સક્ષમ બન્યા છીએ.

### પ્રાઈવેટ નોકરી ને સરકારી પૈસા

# પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજનાનું પોર્ટલ લોન્ચ

## આ યોજના પ્રાઈવેટ સેક્ટરમાં નોકરી કરનારાઓ માટે અનેક ફાયદા લઈને આવ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

કેન્દ્રીય મંત્રી મંડળે પહેલી જુલાઈએ 'પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના'ને મંજૂરી આપ્યા બાદ આજે (૧૯ ઓગસ્ટ) યોજનાનું પોર્ટલ લોન્ચ કરી દેવાયું છે. આ યોજના પ્રાઈવેટ સેક્ટરમાં નોકરી કરનારાઓ માટે અનેક ફાયદા લઈને આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫મી ઓગસ્ટે આ યોજના શરૂ કરવાની જાહેરાત કરી હતી. યોજના લોન્ચ કરતી વખતે શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું કે, 'પ્રાઈવેટ સેક્ટરમાં પહેલી ઓગસ્ટથી નોકરી મેળવનારા લોકોએ આ યોજનાનો લાભ લેવા માટે ઉમંગ એપ (Umang App) પર ફેસ ઓથેન્ટિકેશન ટેકનોલોજીનો ઉપયોગ કરીને UAN જનરેટ કરવું પડશે. જ્યારે એમ્પ્લોયર pmvbry. epfindia.gov.in અથવા pmvbry. labour. gov.in પર વન-ટાઈમ રજિસ્ટ્રેશન કરી શકશે. કેન્દ્ર સરકારે યોજના માટે એક લાખ કરોડ રૂપિયાની ફાળવણી કરી હોવાથી ત્રણ કરોડ યુવાઓ માટે રોજગારની તકો ઉભી થશે અને તેઓને સોશિયલ સિક્યોરિટી મળશે.'

ઉલ્લેખનીય છે કે, પહેલી જુલાઈના રોજ કેન્દ્રીય મંત્રી મંડળની બેઠક યોજાઈ હતી, જેમાં 'પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના'ને મંજૂરી આપવામાં આવી હતી. શ્રમ અને રોજગાર મંત્રાલયે ૨૫ જુલાઈએ કહ્યું હતું કે, 'આ યોજનાનો લાભ પહેલી ઓગસ્ટ-૨૦૨૫થી ૩૧ જુલાઈ-૨૦૨૭ વચ્ચે નોકરી રખાયેલ યુવાઓને લાગુ પડશે. યોજના માટે ૯૯૪૪૬ કરોડ રૂપિયાના ભંડોળને મંજૂરી આપવામાં આવી છે.

'પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના' બે પાર્ટ નિર્ધારીત કરાયા છે. પ્રથમવાર રોજગારી મેળવનાર યુવાઓને પાર્ટ-એમાં જ્યારે નોકરીદાતાઓનો પાર્ટ-બીમાં સમાવેશ કરાયો છે.

પાર્ટ-એ હેઠળ EPFOમાં પ્રથમવાર રજિસ્ટ્રેશન કરાવનાર કર્મચારીઓને એક મહિનાનો ઈપીએફ પગાર આપવામાં આવશે, જે વધુમાં વધુ ૧૫,૦૦૦ રૂપિયા હોઈ શકે છે. આ પગારને વર્ષમાં બે ભાગમાં આપવામાં આવશે. નોકરીના ૬ મહિના પૂરા કરવા પર ૭૫૦૦ રૂપિયા અને એક વર્ષ પૂર્ણ થયા બાદ બાકીના ૭૫૦૦ રૂપિયા મળશે. એક લાખ રૂપિયા સુધીનો પગાર મેળવનાર કર્મચારીઓ જ આ યોજના માટે પાત્ર રહેશે. આ ઉપરાંત પ્રોત્સાહન રકમનો એક ભાગ બચત સાધન અથવા જમા ખાતામાં નિશ્ચિત સમયગાળા માટે રાખવામાં આવશે અને કર્મચારી તેને પછીથી ઉપાડી શકશે.પાર્ટ-બીમાં સૌથી વધુ મેન્યુફેક્ચરિંગ પર ધ્યાન કેન્દ્રીત કરાયું છે. યોજના હેઠળ રોજગાર આપનારા નોકરીદાતાઓને સતત ૬ મહિના સુધી પ્રત્યેક રોજગાર દીઠ દર મહિને ૩૦૦૦ રૂપિયા અપાશે. જ્યારે મેન્યુફેક્ચરિંગ સેક્ટર માટેની પ્રોત્સાહક રકમને ત્રીજા અને ચોથા વર્ષ સુધી વધારવામાં આવશે. એટલે કે આ સેક્ટરને વર્ષ ૨૦૨૯ સુધી લાભ મળશે. ઈપીએફઓ સાથે નોંધાયેલા એકમોએ સતત ૬ મહિના માટે ઓછામાં ઓછા બે વધારાના કર્મચારીઓ (૫૦થી ઓછા કર્મચારીઓવાળા નોકરીદાતાઓ માટે) અથવા પાંચ વધારાના કર્મચારીઓ (૫૦ કે તેથી વધુ કર્મચારીઓવાળા નોકરીદાતાઓ માટે)ને નોકરી પર રાખવા જરૂરી રહેશે.

### બિહારમાં તેજસ્વી યાદવનું મોટું નિવેદન

# જીત્યા તો રાહુલ ગાંધીને PM બનાવીશું લોકોને ચૂનો લગાવે છે ભાજપ

(સંપૂર્ણ સમાચાર સેવા)બિહાર

બિહારમાં ચાલી રહેલી રાહુલ ગાંધીની 'વોટર અધિકાર યાત્રા' મંગળવારે નવાદા પહોંચી ગઈ છે. આ દરમિયાન આરજેડીના નેતા તેજસ્વી યાદવ પણ સતત તેમની સાથે છે. એવામાં તેજસ્વી યાદવે નિવેદન આપ્યું હતું કે, 'આવનારી લોકસભા ચૂંટણીમાં મહાગઠબંધનની સરકાર બનાવો અને જલદી જ રાહુલ ગાંધીને દેશના આગામી વડાપ્રધાન બનાવીશું.' રાહુલ ગાંધીએ ચૂંટણી પંચની કાર્યશૈલી પર સવાલ ઉઠાવ્યા છે અને બિહારમાં ચાલી રહેલા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનને લઈને પંચને નિશાન બનાવી રહ્યા છે. નવાદામાં વોટર અધિકાર યાત્રાને સંબોધિત કરતા તેજસ્વી યાદવે કહ્યું કે, 'ભાજપ લોકો પાસેથી વોટનો અધિકાર છીનવી લેવા માંગે છે. ચૂંટણી પંચ અને ભાજપના લોકો વિચારે છે કે બિહારના લોકોને ચૂનો લગાવી દેશે. અમેબિહારી છીએ, એક બિહારી સબ પર ભારી, છે. ચૂનો તો અમે તમાકુમાં રગડીને ફેંકી દઈએ છીએ.' તેજસ્વી યાદવે વધુમાં કહ્યું કે, 'બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર બેભાન અવસ્થામાં છે. આ વખતે ૨૦ વર્ષ જૂની ખટારા સરકારને ઉખાડી ફેંકવાની છે. કોઈપણ જાતિ ધર્મના ભાઈઓ હોય, તેજસ્વી બધાને સાથે લઈને ચાલશે. અમે નવા જમાનાના લોકો છીએ, બિહાર સૌથી યુવા પ્રદેશ છે, આ સરકાર આપણા યુવાનોના ભવિષ્ય સાથે ચેડા કરવાનું કામ કરી રહી છે.'તેજસ્વી યાદવના તાજેતરના નિવેદનથી સ્પષ્ટ છે કે આગામી લોકસભા ચૂંટણીમાં I.N.D.I.A. ગઠબંધન તરફથી રાહુલ ગાંધી વડાપ્રધાન પદના ઉમેદવાર હોઈ શકે છે. જોકે, તેને લઈને હાલ કંઈપણ કહેવું જલ્દી થઈ જશે, કારણ કે ચૂંટણીમાં હજુ ઘણો સમય છે અને ત્યાં સુધી વિપક્ષની એકતા જાળવી રાખવી પણ જરૂરી છે. રાહુલ ગાંધીએ સોમવારે યાત્રા દરમિયાન ચૂંટણી કમિશનરને ચેતવણી આપી કે જ્યારે ગઠબંધન સરકાર બનશે ત્યારે 'વોટ ચોરી' પર કડક કાર્યવાહી કરવામાં આવશે. આખો દેશ ચૂંટણી પંચ પાસેથી સોગંદનામું માંગશે અને જો સમય મળ્યો તો તેમની પાર્ટી દરેક વિધાનસભા અને લોકસભા ક્ષેત્રમાં 'વોટ ચોરી'નો પર્દાફાશ કરશે.' તેમણે વધુમાં કહ્યું કે, 'જે રીતે પીએમ નરેન્દ્ર મોદી બિહાર માટે વિશેષ પેકેજની વાત કરે છે, તે જ રીતે ચૂંટણી પંચ પણ બિહાર માટે એક 'નવું વિશેષ પેકેજ' લઈને આવ્યું છે. જેનું નામ SIR છે, જે 'વોટ ચોરીનું એક નવું સ્વરૂપ' છે.'




